# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-02-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

1. કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે નવી દિલ્હીમાં પ્રથમ સહકારી ટેક્સી સેવા "ભારત ટેક્સી"નો શુભારંભ કર્યો
2. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રીય અંદાજપત્રને ગામડાથી ગિફ્ટ સિટી સુધીનાં વિકાસને આવરી લેતું લાભદાયક ગણાવ્યું
3. ગુજરાત વડી અદાલતે અમદાવાદના મોટેરા સ્થિત આસારામ આશ્રમની જમીન પરત લેવા લીલીઝંડી આપી
4. સાયબર સેન્ટર ઓફ એક્સલન્સે ૧૩૦ કરોડથી વધુની સાયબર છેતરપિંડી મામલે પાંચ આરોપીઓની ધરપકડ કરી
5. ગુજરાતી ભાષાના જાણીતા સાહિત્યકાર પદ્મશ્રી ડૉ.પ્રવીણ દરજીની 'સાહિત્ય ગૌરવ પુરસ્કાર' માટે પસંદગી
6. WPL ક્રિકેટમાં, આજે દિલ્હી કેપિટલ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે ખિતાબી મુકાબલો

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

## SHAH-BHARAT TAXI

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં ભારત ટેક્સી, ભારતના પ્રથમ સહકારી-આધારિત રાઇડ-હેલિંગ પ્લેટફોર્મનું શુભારંભ કર્યો. ભારત ટેક્સી એ ભારતનું પ્રથમ સહકારી-આધારિત રાઇડ-હેલિંગ પ્લેટફોર્મ છે, જે કમિશન-મુક્ત અને વધારા-મુક્ત ભાવો મોડેલ પર કાર્ય કરે છે, જેમાં ડ્રાઇવરોને નફાનું સીધું વિતરણ થાય છે, જે વિદેશી રોકાણ-આધારિત એગ્રીગેટર પ્લેટફોર્મનો સ્વદેશી વિકલ્પ રજૂ કરે છે.

શ્રી શાહે જણાવ્યું હતું કે સરકાર ટેક્સી સેવા ક્ષેત્રમાં પ્રવેશ કરી રહી નથી, પરંતુ સહકારી સંસ્થાઓ આ ક્ષેત્રમાં જોડાઈ રહી છે.

(BYTE- AMIT SHAH)

----------

## CM BUDGET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ વર્ષના કેન્દ્રીય અંદાજપત્રને વિકસિત અને આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવામાં મહત્વનું પગલું ગણાવ્યું. કેન્દ્રીય અંદાજપત્ર અંગે વિસ્તૃત માહિતી આપતા તેમણે કહ્યું, અંદાજપત્રથી રાજ્યના વેપાર ઉદ્યોગ અને પરિવહન સેવાઓ ઝડપી બનશે. તેમણે ઉમેર્યું, ગ્રામીણ અને કૃષિ ક્ષેત્રને મજબૂત કરવા અંદાજપત્રમાં વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. તેમણે કેન્દ્રીય

અંદાજપત્રને ગામડાથી ગિફ્ટસીટી સુધીના વિકાસને આવરી લેતું લાભદાયક ગણાવ્યું.

(BYTE : BHUPENDRA PATEL, CM) BUDGET

----------

## CM KHEDA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ખેડા જિલ્લાના 348 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. તેમણે નવરચિત ફાગવેલ તાલુકાનો પણ શુભારંભ કર્યો. આ પ્રસંગે તેમણે કહ્યું ગામોને શહેર જેવી સુવિધા આપવા મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના શરૂ કરી છે.

(BYTE-BHPENDRA PATEL, CM, KHEDA)

શ્રી પટેલે કપડવંજ અને કઠલાલ તાલુકાના 74 ગામો માટે કુલ 210 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા કપડવંજ-લસુન્દ્રા સુધારણા જૂથ પાણી પૂરવઠા યોજના અને પાંચ પેટા આરોગ્ય કેન્દ્ર એક સામૂહિક આરોગ્ય કેન્દ્ર, એક આયુર્વેદ હોસ્પિટલનું પણ આજે લોકાર્પણ કર્યું.

----------

## HC MOTERA VERDICT

ગુજરાત વડી અદાલતે અમદાવાદના મોટેરા સ્થિત આસારામ આશ્રમની જમીન પરત લેવા લીલીઝંડી આપી છે. આશ્રમ પાસેથી 45 હજાર ચોરસ મીટરથી વધુ વિસ્તારની જાહેર જમીન પાછી લેવા રાજ્ય સરકારના પગલાને અદાલતે યોગ્ય ઠેરવ્યા છે. ત્યારે સરકાર દ્વારા આગામી સમયમાં કોમનવેલ્થ અને ઓલિમ્પિક રમતોને લઈને આ જગ્યાને વિકસિત કરાશે.

આ ચુકાદા બાદ લાંબા સમયથી કાયદાકીય ગૂંચવણમાં અટવાયેલી વિશાળ જમીન હવે રાજ્ય સરકારના નિયંત્રણમાં પાછી આવશે. આ અંગે એડવોકેટ રાજન જાધવે વધુ માહિતી આપી.

(BYTE – RAJAN JADHAV, ADVOCATE)

----------

## CYBER FRAUD GANG

સાયબર સેન્ટર ઓફ એક્સલન્સે 930 કરોડથી વધુની સાયબર છેતરપિંડી મામલે પાંચ આરોપીઓની ધરપકડ કરી છે. આ ટોળકી ગીરસોમનાથના વેરાવળમાં કાર્યરત હતી. વિવિધ 80 ખાતાઓ દ્વારા ચાર કરોડ રૂપિયા ઉપાડી લેવાની માહિતી સંદર્ભે તપાસ કરતાં આ ટોળકી એક હજાર 534 જેટલા સાયબર ગુનામાં સંડોવાયેલી હોવાનું પોલીસ અધિક્ષક રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યું,

(BYTE- RAJDEEPSINH ZALA, SP)

----------

## GANDHINAGAR - SEMINAR EDU.MINISTER

ગાંધીનગર ખાતે ‘ઈન્ડિયન નોલેજ સિસ્ટમ એન્ડ સાયબર સિક્યુરિટી’ વિષય અંગે ત્રિ-દિવસીય સેમિનારનો શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે શિક્ષણ મંત્રીએ જણાવ્યું કે, ભારતીય જ્ઞાનપરંપરા અને સાયબર સિક્યોરિટીના સંગમથી 'વિકસિત ભારત ૨૦૪૭'નું સપનું સાકાર થશે.

આ સેમિનારમાં શિક્ષણ અને સાયબર સિક્યોરિટી ક્ષેત્રના તજજ્ઞો, વિદ્વાનો અને શિક્ષણવિદોની ઉપસ્થિતિમાં ભારતીય પ્રાચીન જ્ઞાન અને આધુનિક ટેકનોલોજીના સમન્વય જેવા વિવિધ વિષયો અંગે સત્રો યોજાશે.

----------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

## ACCIDENT

રાજ્યમાં આજે અકસ્માત અને ડૂબી જવાની વિવિધ ઘટનામાં ચાર લોકોનાં મોત થયા છે. ભરૂચ નજીક રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ટેન્કર અને મોપેડ વચ્ચે અકસ્માત થતાં મોપેડ સવાર 2 યુવાનોના મોત નિપજ્યા. ઘટનાની જાણ થતા સી ડિવિઝન પોલીસે ટેન્કર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

અન્ય એક આકસ્મિક ઘટના બોટાદ જિલ્લામાં બની. જ્યાં ગઢડા તાલુકાના જલાલપુર ગામે પાણીમાં ડૂબી જતાં બે બાળકીઓના મોત થયા. બંને મૃતદેહને પીએમ માટે સામુહિક આરોગ્ય કેન્દ્ર ખસેડવામાં આવ્યાં.

----------

## PM-PARIKSHA PE CHARCHA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 10 વાગ્યે "પરીક્ષા પે ચર્ચા" ના 9મા સંસ્કરણમાં દેશભરના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરશે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય પરીક્ષાના તણાવ પર ચર્ચા કરવાની સાથે પરીક્ષાને ઉત્સવ અને જીવનના અભિન્ન ભાગ તરીકે ઉજવવાનો છે. આ વર્ષે રાજ્યના દેવમોગરા, સહિત કોઈમ્બતુર, રાયપુર, ગુવાહાટી અને દિલ્હીના 7, પરીક્ષાર્થી સાથે સત્રો યોજાશે.

આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ દૂરદર્શન, પ્રધાનમંત્રીની યુટ્યુબ ચેનલ અને શિક્ષણ મંત્રાલયના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કરવામાં આવશે.

----------

## SAHITYA GAURAV PURASKAR

ગુજરાતી ભાષાના જાણીતા સાહિત્યકાર પદ્મશ્રી ડૉ.પ્રવીણ દરજીની 'સાહિત્ય ગૌરવ પુરસ્કાર' માટે પસંદગી કરવામાં આવી છે. મહીસાગર જેમની કર્મભૂમિ રહી છે તેવા પ્રથમ પંક્તિના કવિ, વિવેચક, સંશોધક અને અનુવાદક ડૉ. પ્રવીણ દરજીની સાહિત્યિક સેવાઓ અજોડ રહી છે.

અત્યાર સુધીમાં 155થી વધુ પુસ્તકોનું સર્જન કરનાર આ વિદ્વાન સર્જકનાં પુસ્તકો માત્ર ગુજરાત જ નહીં, પરંતુ રાજ્ય બહારની યુનિવર્સિટીઓના અભ્યાસક્રમોમાં પણ સ્થાન પામ્યા છે. સાહિત્ય અને કેળવણી ક્ષેત્રે તેમના યશસ્વી યોગદાન બદલ ભારત સરકાર દ્વારા વર્ષ 2011માં તેમને 'પદ્મશ્રી'થી સન્માનિત કરાયા હતા. આ ઉપરાંત, તેઓ ગુજરાતી સાહિત્યના સર્વોચ્ચ ગણાતા 'રણજિતરામ સુવર્ણચંદ્રક' અને પ્રતિષ્ઠિત 'નર્મદચંદ્રક'થી પણ અલંકૃત થયેલા છે.

----------

## WPL – FINAL

મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઇનલ મેચમાં આજે વડોદરાના કોટંબી સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ વચ્ચે ખિતાબી મુકાબલો રમાશે. રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ પસંદ કરી છે.

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર બીજા ટાઇટલ માટે લક્ષ્ય રાખી રહ્યા છે. દિલ્હી કેપિટલ્સ એલિમિનેટરમાં ગુજરાત જાયન્ટ્સને હરાવીને સતત ચોથી WPL ફાઇનલમાં પહોંચ્યા છે.

----------

## TRAIN  RESHEDULE

ઉત્તર પશ્ચિમ રેલવેના અજમેર મંડળના મદાર-પાલનપુર રેલવે સેક્શન પર રિપ્લેસમેન્ટ કામ માટે બ્લૉક લેવામાં આવ્યો હોવાથી કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે.

જેમાં 6 ફેબ્રુઆરીની જોધપુર-સાબરમતી એક્સપ્રેસ અને 7 ફેબ્રુઆરી સાબરમતી-જોધપુર એક્સપ્રેસ આંશિક રૂપે રદ રહેશે. આ ઉપરાંત 6 ફેબ્રુઆરી સાબરમતી-જોધપુર વંદે ભારત એક્સપ્રેસ, સાબરમતી-ગ્વાલિયર એક્સપ્રેસ અને ભગત કી કોઠી-મુંબઈ સેન્ટ્રલ ટ્રેન રિશિડ્યુલ રહેશે.  ટ્રેનોના રોકાણ, સમય અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે રેલવેની સત્તાવાર વેબસાઇટ પર જઈને અવલોકન કરી શકશો.

----------